જયઅંબે અને પાયલ સોસાયટીમાં દૂષિત પાણીને પગલે રોગચાળાની ભીતિ

કરોડિયા વિસ્તારમાં ગંદા પાણીથી લોકો ત્રાહિમામ : એમ્બ્યુલન્સ પણ પ્રવેશી ન શકી

વારંવાર રજૂઆતો છતાં તંત્ર નિષ્ક્રિય, સમસ્યાનો ઉકેલ નહીં આવે તો રહીશોની ઉગ્ર ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાના દાવાઓ વચ્ચે ચોમાસાની શરૂઆત થતાં જ પ્રી-મોન્સૂન આયોજનની પોલ ખુલ્લી પડી છે. શહેરના વોર્ડ નંબર ૮ના કરોડિયા વિસ્તારમાં આવેલી જયઅંબે અને પાયલ સોસાયટીમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે ઘૂંટણસમા ગંદા પાણી ભરાઈ રહેતાં સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં રોજિંદી

અવરજવર પણ મુશ્કેલ બની ગઈ છે.

પરિસ્થિતિ ત્યારે ગંભીર બની જ્યારે એક બીમાર દર્દીને હોસ્પિટલ પહોંચાડવા માટે બોલાવવામાં આવેલી ૧૦૮ એમ્બ્યુલન્સ પાણી ભરાયેલા રસ્તાના કારણે સોસાયટીમાં પ્રવેશી શકી નહોતી. મુખ્ય માર્ગ પર એમ્બ્યુલન્સ અટકી જતાં સ્થાનિકોએ ભારે જહેમત ઉઠાવી દર્દીને ગંદા પાણીમાંથી પસાર કરીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યો હતો. આ ઘટનાએ સ્માર્ટ સિટીના દાવાઓ સામે સવાલો ઊભા કર્યા છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક વખત પાલિકા અને સ્થાનિક જનપ્રતિનિધિઓ સમક્ષ રજૂઆતો કરવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ચૂંટણી સમયે વિકાસના વાયદા કરનારા લોકપ્રતિનિધિઓ પણ હાલ મૌન ધારણ કરી બેઠા હોવાનું રહીશો જણાવી રહ્યા છે.

ગંદા પાણી અને મચ્છરોના વધતા ઉપદ્રવને કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. રહીશોએ તાત્કાલિક પાણીના નિકાલની વ્યવસ્થા અને ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. અન્યથા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ફતેગંજ બ્રિજ પર ચારથી વધુ વાહનો અથડાયા વરસાદના કારણે બાઈક સ્લીપ થતાં અકસ્માત

બાઈક સ્લીપ થતાં સ્કૂલ બસે બ્રેક મારી, પાછળ ૩ કાર અને ૧ ડમ્પર ધડાકાભેર અથડાયા, ટ્રાફિકજામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં આજે ઝરમર વરસાદ પડતા જ રોડ રસ્તા ભીના થઈ ગયા હતા. જેના પગલે ફતેગંજ બ્રિજ ઉપર ફરી એક વખત ગંભીર અકસ્માતની ઘટના બની હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી, પરંતુ ત્રણ કાર અને એક ડમ્પર સહિતના વાહનોને મોટું નુકસાન પહોંચ્યું છે.

ફતેગંજ બ્રિજ ઉપરથી પસાર થતી એક બાઈક વરસાદના કારણે ભીના રોડ પર સ્લીપ થઈ ગઈ હતી. બાઈક ચલાવતી મહિલા રોડ પર પટકાઈ પડી હતી. અચાનક બનેલી આ ઘટનાને જોતા પાછળથી આવી રહેલી એક

ખાનગી સ્કૂલની બસના ચાલકે અચાનક બ્રેક મારી હતી. બસના ચાલકે અચાનક બ્રેક મારવાને કારણે પાછળથી આવતા અન્ય વાહનચાલકો કશું સમજી શકે તે પહેલાં જ સળંગ અકસ્માત સર્જાયો હતો. બસની પાછળ આવતી ત્રણ ખાનગી કાર અને એક ડમ્પર એક સાથે ધડાકાભેર એકબીજા સાથે અથડાયા હતા. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં સ્કૂલ બસ, ૩ કાર અને ડમ્પરના આગળ-પાછળના ભાગનો ભારે નુકસાન થયું છે. બાઈક ચાલક મહિલાને પણ સામાન્ય ઈજાઓ પહોંચી છે. જોકે મોટો અકસ્માત હોવા છતાં કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. ઘટનાને પગલે ફતેગંજ બ્રિજ ઉપર બંને તરફ લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો.

નવાયાર્ડ નજીક ચાલતી ટ્રેનમાંથી મુસાફર પટકાતા હાથ કપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 15

વડોદરાના નવાયાર્ડ રેલવે કોલોની નજીક આજે એક ગંભીર રેલવે અકસ્માત સર્જાયો હતો. રતલામથી મુંબઈ જતી ટ્રેનમાં મુસાફરી કરી રહેલા 50 વર્ષીય બ્રીજ ફેરી મુકેટા અચાનક સંતુલન ગુમાવતા ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાયા હતા. અકસ્માતમાં તેમનો જમણો હાથ કોણીના ભાગેથી કપાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને અર્ધબેભાન હાલતમાં રહેલા મુસાફરને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે મુસાફરો અને આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

રથયાત્રા રૂટ સહિત અનેક વિસ્તારોમાં ગેરકાયદે દબાણ દૂર

વડોદરામાં પાલિકાનું મેગા દબાણ હટાવો ઓપરેશન, શહેરના મુખ્ય માર્ગો કરાયા ખુલ્લા

નિયમભંગ બદલ વાહનો જપ્ત, છાણી કેનાલ પાસેના કાચા ઝુંપડાં પણ હટાવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખાએ શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ઘટાડવા અને નાગરિકોને સરળ અવરજવર મળી રહે તે માટે બુધવારે વ્યાપક દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તા પરના ગેરકાયદે દબાણો દૂર કરી ટ્રાફિક વ્યવસ્થાને સુવ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી દરમિયાન વોર્ડ નં. 13ના ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા, મેયર ગેટ, મધ્યવર્તી સ્કૂલ, ભગતસિંહ ચોકથી પોલો ગ્રાઉન્ડ સુધીના વિસ્તારમાં વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. રથયાત્રાના રૂટને ધ્યાનમાં રાખી નવપુરા પોલીસ અને ટ્રાફિક પોલીસના સહયોગથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ઉપરાંત કમાટીબાગ ગેટ, ફતેગંજ બ્રિજ, EME સર્કલ, એલ એન્ડ ટી સર્કલ, દંતેશ્વર રોડ, ગુરુકુળ સર્કલ, પરિવાર સર્કલ, વૃંદાવન ચાર રસ્તા, કમલાનગર તળાવ, સરદાર એસ્ટેટ, વાઘોડિયા બ્રિજ, આજવા ચોકડી, સુરસાગર, રેલવે સ્ટેશન અને એસએસજી હોસ્પિટલ સુધીના વિસ્તારોમાં પણ

કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઝુંબેશ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. વોર્ડ નં. 13માંથી એક છોટા હાથી ટેમ્પો તથા વોર્ડ નં. 4માં શિવ વાટિકા નજીકથી એક ફોર-વ્હીલર વાહન જપ્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત છાણી કેનાલ નજીક ગાર્ડન વિસ્તારમાં આવેલા કાચા ઝુંપડાઓ પણ દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાના જણાવ્યા મુજબ આવી ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે, જેથી શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા વધુ સુચારુ બની રહે અને જાહેર માર્ગો પરના ગેરકાયદે દબાણો પર નિયંત્રણ રાખી શકાય.

પાણીગેટ હત્યા કેસમાં મુખ્ય આરોપીને આજીવન કેદ

કોર્ટ દ્વારા આરોપીને આજીવન સખત કેદ અને રૂ. 25 હજાર દંડ પણ ફટકારાયો : 5 આરોપી નિર્દોષ છુટકારો

(પ્રતિનિધિ) વડોદરા તા 15

પાણીગેટ વિસ્તારમાં વર્ષ 2018માં સામાન્ય બોલાચાલી બાદ યુવકની હત્યાના કેસમાં વડોદરાની કોર્ટે મુખ્ય આરોપીને આજીવન સખત કેદની સજા ફટકારી છે, જ્યારે અન્ય પાંચ આરોપીઓને પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરી મુક્ત કર્યા છે.

કેસની વિગતો મુજબ, 26 ઓગસ્ટ, 2018ની રાત્રે પાણીગેટના ગણેશનગર શાક માર્કેટ પાસે ઋત્વિક રવિભાઈ ઠાકોર, વિપુલ કાયસ્થ અને તેમના મિત્રો ઉભા હતા. જાહેરમાં ગાળો બોલવાના મુદ્દે થયેલી તકરાર બાદ આરોપીઓ હથિયારો સાથે ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો.

ચુકાદા મુજબ મુખ્ય આરોપી ધીરજ દીપક કનોજીયાએ ઋત્વિક ઠાકોરની છાતી અને પેટના ભાગે ચપ્પુના જીવલેણ ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ઋત્વિકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં 27 ઓગસ્ટ, 2018ના રોજ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

કોર્ટે ધીરજ કનોજીયાને આજીવન સખત કેદ ઉપરાંત રૂ. 25 હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાનો આદેશ પણ કરવામાં આવ્યો છે. કોર્ટે કેસ દરમિયાન રજૂ કરાયેલા સાક્ષીઓ, તબીબી પુરાવા અને અન્ય દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને મુખ્ય આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

જ્યારે વિશાલ કનોજીયા, ધવલ ચુનારા, મેહુલ ચુનારા, હર્ષ ઉર્ફે સોન્ટુ ઠાકુર અને મયુર ઉર્ફે વિક્કી કનોજીયાને પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ઉપરાંત, કોર્ટે મુદ્દામાલ અંગે અપીલની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કાયદા મુજબ કાર્યવાહી કરવાનો પણ હુકમ કર્યો છે.

કન્ટેનર અમદાવાદ-સુરત નેશનલ હાઈવે પર કપુરાઈ થી તરસાલી તરફ આવી રહ્યું હતું

હરિયાણાથી ગોવા લઈ જવાતો ૪૮.૨૯ લાખનો દારૂ LCBએ ઝડપી પાડ્યો

પરચુરણ માલની આડમાં સંતાડેલી 4,344 બોટલ-બીયર ટીન મળી, રાજસ્થાનનો ટ્રક ચાલક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

રથયાત્રાને ધ્યાનમાં રાખી વડોદરા શહેર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી સઘન ચેકિંગ દરમિયાન ઝોન-3 એલસીબીએ અમદાવાદ-સુરત નેશનલ હાઈવે પર કપુરાઈ રેલવે બ્રિજ નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી દારૂ, કન્ટેનર, પરચુરણ માલ અને મોબાઈલ સહિત રૂ.48.29 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

પોલીસને બાતમી મળી હતી કે હરિયાણા પાસિંગનું કન્ટેનર વિદેશી દારૂનો જથ્થો લઈને કપુરાઈ રેલવે બ્રિજ થઈ તરસાલી તરફ જઈ રહ્યું છે. બાતમીના આધારે ઝોન-3 એલસીબીના પીએસઆઈ એસ.એ. ફુલધારાની ટીમે વોચ ગોઠવી કન્ટેનરને અટકાવી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ટ્રકમાં ભરેલા પરચુરણ માલની પાછળ સંતાડેલો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક ચાલક સાદ બસીર મેવ (રહે. ભરતપુર,

રાજસ્થાન)ની ધરપકડ કરી કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તપાસમાં રાજેન્દ્ર (રહે. ઉદયપુર) અને નફીસ ખાન ઉર્ફે નપીસ (રહે. મેવાત, હરિયાણા)ની સંડોવણી સામે આવતા બંનેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે 4,344 બોટલ અને બીયર ટીન સહિત રૂ.4.35 લાખનો દારૂ, રૂ.25 લાખનો કન્ટેનર, રૂ.18.83 લાખનો પરચુરણ માલ અને મોબાઈલ મળી કુલ રૂ.48.29 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. દારૂનો જથ્થો હરિયાણાથી સાઉથ ગોવા લઈ જવાતો હોવાનું સામે આવ્યું છે. હવે દારૂનો જથ્થો કોના માટે અને ક્યાં પહોંચાડવાનો હતો તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સાસુ-પતિના માનસિક ત્રાસનો આક્ષેપ, માસી સાસુના પુત્રે દુષ્કર્મનો પ્રયાસ કર્યાની ફરિયાદ

ઘરેલુ ત્રાસથી કંટાળેલી પરિણીતા આત્મહત્યા કરવા હાઈવે પર પહોંચી, અભયમે સમયસર બચાવ્યો જીવ

અભયમ ટીમના કાઉન્સેલિંગ બાદ મહિલાએ પોલીસ ફરિયાદનો માર્ગ અપનાવ્યો, કાયદેસરની કાર્યવાહી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં ઘરેલુ ત્રાસથી કંટાળેલી એક પરિણીતા આત્મહત્યા કરવા નેશનલ હાઈવે પર પહોંચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અભયમ-181ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલાને સુરક્ષિત સ્થળે લઈ જઈ તેનો જીવ બચાવ્યો હતો. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ સાસુ-પતિ દ્વારા માનસિક ત્રાસ તેમજ માસી સાસુના પુત્ર દ્વારા દુષ્કર્મના પ્રયાસના ગંભીર આક્ષેપો કર્યા હતા. ત્યારબાદ તેને કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી.

મહિલાએ અભયમ ટીમને જણાવ્યું કે તેના લવ મેરેજને 12 વર્ષ થયા છે અને તેને બે દીકરીઓ છે. લગ્નજીવન દરમિયાન સાસુ અને પતિ સતત અપશબ્દો બોલી માનસિક ત્રાસ આપતા હતા. પતિ કોઈપણ બાબતમાં તેનો સાથ આપતા ન હોવાનું પણ તેણે જણાવ્યું હતું. ઉપરાંત સાસુ ઘરમાં સગા-સંબંધીઓના યુવકોને રાખી તેમનું કામ પણ તેની પાસે કરાવતી હોવાનું મહિલાએ જણાવ્યું હતું.

પીડિતાના જણાવ્યા મુજબ પતિની ગેરહાજરીમાં માસી સાસુનો પુત્ર દારૂના નશામાં ઘરે આવી તેના પર દુષ્કર્મ કરવાનો પ્રયાસ કરી ચૂક્યો હતો. આ ઘટના બાદ તે ભારે માનસિક તણાવમાં રહેતી હતી અને આખરે જીવન ટૂંકાવવાનો નિર્ણય કરીને હાઈવે પર પહોંચી ગઈ હતી.

અભયમ ટીમે મહિલાને સમજાવી આત્મવિશ્વાસ આપ્યો અને કાયદેસર રીતે ન્યાય મેળવવા પ્રોત્સાહિત કરી હતી. ટીમે પરિવાર સાથે વાતચીત કરીને સમસ્યાનો ઉકેલ લાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે મહિલાએ પોતાની અને સંતાનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસ કાર્યવાહી કરાવવાનો નિર્ણય લીધો હતો.

અભયમ ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કર્યા બાદ તેને સાસરીમાં લઈ ગઈ હતી, પરંતુ ત્યાં પતિ ઘરે હાજર ન હોવાનું જાણવા મળ્યું હતું. મહિલાએ સાસરી પક્ષ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં અભયમ ટીમે તેને નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ જઈ ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયામાં મદદ કરી હતી. સમયસર હસ્તક્ષેપ થતાં મહિલાનો જીવ બચી ગયો હતો અને તેને આત્મહત્યા જેવું પગલું ભરતાં અટકાવવામાં સફળતા મળી હતી.

ઝાલમપુરામાં યુવતીને સાપ કરડ્યો, સારવાર માટે હોસ્પિટલ દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સાવલી તાલુકાના ઝાલમપુરા ગામમાં 24 વર્ષીય કિંજલબેન નરેન્દ્રભાઈ ભીલને સાપ કરડતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. ડંખ બાદ તેમના હાથમાં અસહ્ય બળતરા શરૂ થઈ હતી અને ગભરામણને કારણે સતત ઊલટીઓ થવા લાગી હતી.

પરિવારજનોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરતાં ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક સારવાર આપ્યા બાદ કિંજલબેનને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ હાલ તેમની તબિયત સ્થિર છે અને સારવાર ચાલી રહી છે.

ચોમાસાની ઋતુમાં ભેજ અને પાણી ભરાવાને કારણે સાપ સહિતના ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધતા ગ્રામ્ય વિસ્તારોમાં આવા બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે.

અગાઉ મગરે સમગ્ર વિસ્તારને બાન લઈ લીધો હતો

તાંદલજા તળાવના કિનારે ચેકર્ડકીલ બેક દેખાતા લોકોએ બારી-બારણા બંધ કર્યા

પાણી બહાર નીકળીને રહેણાંક વિસ્તાર તરફ આવતા લોકો અજગર સમજ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરાના તાંદલજા વિસ્તારમાં વન્યજીવોના આતંકથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાયો છે. તળાવમાં મગર દેખાયાની ઘટના હજુ ઠંડી પડી નથી, ત્યાંતો રહેણાંક વિસ્તારમાં અજગર દેખાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જોકે,ખરાઈ કરતા આ અજગર નહિ પરંતુ ત્રણથી ચાર ફૂટનો ચેકર્ડ કિલબેક પાણીનો સાપ હોવાનું વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવાર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

તાંદલજા તળાવના કિનારા પર આવેલા રહેણાંક વિસ્તારમાં આજે સવારે અંદાજે 5 થી 6 ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો. અજગર તળાવ બહાર નીકળીને રહેણાંક વિસ્તાર તરફ આવતા જ સ્થાનિકોમાં ભયની લાગણી ફેલાઈ ગઈ હતી. આ વિસ્તારમાં નાના બાળકો રસ્તા અને તળાવ કિનારે રમતા હોવાથી લોકોમાં ભય અને રોષ બંને જોવા મળ્યો છે. અજગર દેખાતા જ અનેક લોકોએ પોતાના ઘરોના બારી-બારણા બંધ કરી દીધા હતા. કેટલાક લોકો લાકડી લઈને અજગર પર નજર રાખતા બેઠા હતા. ઉલ્લેખનીય છે કે ગત દિવસોમાં જ તાંદલજા તળાવમાં વિશાળકાય મગર દેખાયો હતો. તે ઘટનાથી લોકો

હજુ સ્વસ્થ થયા નથી ત્યાં જ આજે ફરી અજગર દેખાતા લોકોમાં ભય બમણો થઈ ગયો છે. જોકે, ખરાઈ કરતા આ સાપ પાણીનો ચેકર્ડ કિલબેક સ્નેક હોવાનું વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારે જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, આ ચેકર્ડ કીલબેક સાપ છે, વોટર સ્નેક છે, મીઠા પાણીનો સાપ છે અને તદ્દન બિનઝેરી છે. જેને ડેંડવું પણ કહેવામાં આવે છે. એની ઉપર ચેકસ હોય છે માથાથી પૂંછડી સુધી.

ગુજરાત ઈન્જેક્ટનું પ્રથમ ત્રિમાસિકમાં શાનદાર પ્રદર્શન : આવકમાં વધારો

વડોદરા: વડોદરા સ્થિત ગુજરાત ઈન્જેક્ટ (કેરળ) લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિકમાં મજબૂત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કંપનીની ઓપરેશનલ આવક 414 ટકા વધીને 12.45 કરોડ થઈ છે, જ્યારે કર બાદનો ચોખ્ખો નફો 1,600 ટકા વધીને 1.25 કરોડ પર પહોંચ્યો છે. પ્રતિ શેર આવક (EPS) પણ 0.05થી વધીને 0.86 થઈ છે.

કંપનીના જણાવ્યા મુજબ આ વૃદ્ધિ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં વિસ્તરણ અને ક્લીન એનર્જી બિઝનેસ પર વધતા ફોકસનું પરિણામ છે. બોર્ડે કંપનીનું નામ બદલી **રિજેનોવા રિન્યુટેક લિમિટેડ** રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. ઉપરાંત મુરલી શિવશંકરણ નાયરની ત્રણ વર્ષ માટે મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કંપની મહેસાણા જિલ્લાના જકાસણા ખાતે 5 મેગાવોટના સોલાર પાવર પ્લાન્ટનું સંચાલન કરી રહી છે અને અન્ય સોલાર પ્રોજેક્ટ્સ પર પણ કાર્યરત છે.

ગોરવા-ગોત્રીના બે ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો

મકાનોની રેકી બાદ રાતે ચોરી કરનાર બે સીરિયલ હાઉસ બ્રેકર ઝડપાયા

રૂ.૪.૮૧ લાખનો મુદ્દામાલ, 200 અમેરિકન ડોલર અને ચોરીમાં વપરાયેલી કાર કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં બંધ મકાનોને નિશાન બનાવી રાત્રિના અંધારામાં ફોરવ્હીલ કારમાં ફરી ઘરફોડ ચોરીઓ આચરતા બે શાતિર ચોરોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી ગોરવા અને ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. સોના-ચાંદીના દાગીના, સાત કાંડા ઘડિયાળ, 200 અમેરિકન ડોલર, રોકડ રકમ, બે મોબાઈલ ફોન તેમજ અન્ય કિંમતી સામાન મળી રૂ. 4.81 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ શહેર

વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે આજવા રોડ પર ખાનગી વોચ ગોઠવી ટોયોટા ઈટિયોસ કારને અટકાવવામાં આવી હતી. કારમાંથી રામકુમાર રાજુ ચૌહાણ અને વિશાલ વિજય દંતાણી નામના બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન કારમાંથી સોના-ચાંદીના દાગીના, સાત કાંડા ઘડિયાળ, 200 અમેરિકન ડોલર, રોકડ રકમ, બે મોબાઈલ ફોન તેમજ અન્ય કિંમતી સામાન મળી રૂ. 4.81 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ ગોરવા અને ગોત્રી વિસ્તારમાં અગાઉથી બંધ મકાનોની રેકી કરી રાત્રે બારીના સળીયા તોડી ઘરમાં પ્રવેશ કરીને ઘરફોડ ચોરીઓ આચર્યાની કબૂલાત કરી હતી. ચોરી કરેલા કેટલાક સોનાના દાગીના ઓગાળીને વેચી નાખ્યાનું પણ બહાર આવ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખુલ્યું કે બંને આરોપીઓ લાંબા સમયથી બંધ રહેલા મકાનોને નિશાન બનાવતા હતા. તેઓ કારમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી પહેલા રેકી કરતા અને પછી મોડી રાત્રે ચોરીને અંજામ આપતા હતા. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ ગોરવા અને ગોત્રી પોલીસને સોંપી છે.

દુબઈમાં રહેતી મહિલાના ઘરનું તાળું તોડી, ૫૧ તોલા સોનાના દાગીનાની ચોરી

દરવાજાનું તાળું તોડી અંદર ઘૂસેલા ચોરો સોનાના દાગીના, ચાંદીની પ્લેટ અને રોકડ લઈ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં દુબઈમાં રહેતી મહિલાના બંધ ફ્લેટને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી રૂ.5.65 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, પૂજા હોટલ નજીક તસીદ ટાવરની એ-વિંગમાં રહેતી રસીદા મુસ્તફા જાવાવાલા છેલ્લા એક વર્ષથી દુબઈમાં રહે છે. ફ્લેટની એક ચાવી તેમની બહેન તસ્નીમ હુસેન વાસદવાલા પાસે અને બીજી સફાઈ કામ કરતી મહિલાને આપવામાં આવી હતી. મંગળવારે સાંજે તસ્નીમ ફ્લેટની તપાસ કરવા પહોંચ્યા ત્યારે મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું અને અંદર કબાટનું લોકર ખુલ્લું તેમજ સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. ત્યારબાદ દુબઈમાં રહેલી બહેન સાથે વાત કરતાં કિંમતી દાગીના અને રોકડ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું.

તસ્કરો અંદાજે 51 તોલા સોનાના દાગીના, જેમાં ચેઈન, લોકેટ, બંગડીઓ, કડું, બ્રેસલેટ, રિંગ, ઈયરિંગ સહિતની વસ્તુઓ ઉપરાંત બિસ્મિલ્લાહ લખેલી ચાર ચાંદીની પ્લેટ અને રૂ.40 હજાર રોકડ મળી કુલ રૂ.5.65 લાખની માલમત્તા ચોરી ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પ્રાથમિક તપાસ મુજબ બપોરે 1થી સાંજે 5 વાગ્યાની વચ્ચે ચોરીને અંજામ આપવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ એકત્ર કરી અજાણ્યા તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

કારેલીબાગ કલાકુંજ સોસાયટીમાં ડ્રેનેજની કામગીરી માટે જેસીબી કામે લાગ્યા

મ્યુ. કમિશનરના આદેશના ધજાગરા કારેલીબાગમાં ચાલુ વરસાદે કામગીરી!

જ્યાં પાણી ભરાતા નથી ત્યાં જ ઉતાવળે કામ શરૂ કરાતા ભ્રષ્ટાચારના આક્ષેપ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં વરસાદમાં ખોદકામ નહીં કરવા મ્યુનિ. કમિશનરના આદેશનું ઉલંઘન થયું હોવાની ઘટના સામે આવતા ભારે વિવાદ સર્જાયો છે. શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન ચાલુ વરસાદ વચ્ચે કારેલીબાગ વિસ્તારમાં આવેલી કલાકુંજ સોસાયટીના મુખ્ય રસ્તા પર વરસાદી ગટર લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવતા સ્થાનિક સ્તરે ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર દ્વારા ચોમાસા દરમિયાન શહેરમાં ચાલતા તમામ વિકાસલક્ષી કામો અટકાવી દેવા તેમજ રસ્તાઓ પર નવા કામો માટે ખોદકામ નહીં કરવાનો

સ્પષ્ટ આદેશ આપતો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. આમ છતાં, કમિશનરના સત્તાવાર આદેશો અને નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને ચાલુ વરસાદમાં અહીં જેસીબી દ્વારા રસ્તા પર મોટા ખાડા ખોદીને ગટર લાઈન નાખવાનું કામ શરૂ કરી દેવાયું છે.

આ સમગ્ર મામલે સામાજીક કાર્યકરે કોર્પોરેશનની કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા અનુસાર, કારેલીબાગની કલાકુંજ સોસાયટીનો આ એવો મુખ્ય માર્ગ છે જ્યાં ચોમાસામાં ક્યારેય પણ પાણી ભરાવવાની કોઈ સમસ્યા સર્જાતી નથી. તેમ છતાં, કોઈ ચોક્કસ જમીન માલિકને અંગત ફાયદો કરાવવાના બદઈરાદાથી કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોને નેવે મૂકીને ચાલુ વરસાદમાં ગેરકાયદેસર રીતે ખોદકામ કરવામા